પેન્શનના રૂપાંતર કરાયેલા ભાગનું
૧૫ વર્ષ બાદ પુન:સ્થાપન કરવા બાબત.

ગુજરાત સરકાર,
**નાણા વિભાગ,**
ઠરાવ ક્રમાંક : નવત-૧૦૨૦૧૦-ડી-૬૬-પી.
સચિવાલય, ગાંધીનગર.
**તારીખ : ૨-૧૧-૨૦૧૦**

વંચાણમાં લીધા :

(૧) ના. વિ. નો ઠરાવ ક્રમાંક : નવત-૧૧૮૬-૩૦૪૧-પી.૧, તા. ૬-૧૨-૧૯૮૯.
(૨) ના. વિ. નો ઠરાવ ક્રમાંક : નવત-૧૧૮૬-૩૦૪૧-પી.૧, તા. ૩-૦૪-૧૯૯૦.
(૩) ગુજરાત મૂલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના નિયમ-૧૦૧ (૧)(૨).

**ઠ રા વ**

વંચાણમાં લીધેલ તારીખ : ૬-૧૨-૮૯ અને તા. ૩-૪-૧૯૯૦ના સમાનાંકી ઠરાવ અને ગુજરાત મૂલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના નિયમ-૧૦૧ અનુસાર પેન્શનરને પોતાના પેન્શનના હિસ્સાનું રૂપાંતર કરાવવાની જોગવાઇ થયેલ છે. આ જોગવાઇ હેઠળ જે પેન્શનરોએ પેન્શનનું રૂપાંતર કરાવ્યુ હોય તેવા રૂપાંતર કરાયેલ ભાગનું ૧૫ વર્ષ બાદ પુન:સ્થાપન કરવાની પણ નિયમોમાં જોગવાઇ છે. હાલની જોગવાઇ મુજબ, પેન્શનના પુન:સ્થાપન માટે પેન્શનરે ૧૫ વર્ષ બાદ જે તે જિલ્લા તિજોરી અધિકારીને અરજી કરવાની હોય છે. આ અરજીના આધારે જિલ્લા તિજોરી અધિકારી દ્વારા પેન્શનનું પુનઃ સ્થાપન કરી આપવામાં આવે છે.

૨. પેન્શન ચૂકવણીના સરળીકરણના ભાગરૂપે પેન્શનર દ્વારા ૧૫ વર્ષ બાદ અરજી આપવાની ઉપરોકત પદ્ધતિમાં ફેરફાર કરવાની બાબતે પુનઃ વિચારણા કરી જે તે જિલ્લા તિજોરી અધિકારી દ્વારા તેઓ પાસે રહેલ કોમ્પ્યુટરાઇઝ્ડ માહિતીના આધારે સંબંધિત રૂપાંતર કરાવેલ ભાગનું ૧૫ વર્ષ બાદ નિયમોનુસાર આપોઆપ પેન્શનનું પુન:સ્થાપન કરવાનું આથી ઠરાવવામાં આવે છે. આવી રીતે પુનઃ સ્થાપન કરાયેલ હુકમની નકલ જે તે જિલ્લા તિજોરી અધિકારી દ્વારા પેન્શનરને તેમના સરનામે મોકલી આપવાની રહેશે.

૩. ગુજરાત મૂલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના નિયમ-૧૦૧(૨)માં હવે પછી અલગથી સુધારો કરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(શૈલજા પટેલ)
નાયબ સચિવ (પેન્શન)

(પાછળ..)

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

  માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

  માન. મંત્રીશ્રીઓ / રા.ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,

  માન. વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

  સચિવાલયના સર્વે વિભાગો / તમામ ખાતાના વડાઓ/ તમામ કચેરીઓના વડાઓ,
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર,
- સચિવશ્રી, ગુજરાત વિધાન સભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ,
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મૂલ્કી સેવા-ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

  તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,

  એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ,

  એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ / રાજકોટ

  નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.

  નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.

  નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.

  સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ,

  તમામ તિજોરી અધિકારીઓ, / તમામ પેટા તિજોરી અધિકારીઓ,

  પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર / નર્મદા / વડોદરા

  નાણા વિભાગના તમામ અધિકારીઓ.

  તમામ બોર્ડ / કોર્પોરેશન / યુનિવર્સિટી / જાહેર સાહસો.

  સર્વે માન્ય મંડળ (પંચાયત સેવાના એસોસીએશનો સહીત)

  નાણા વિભાગની તમામ શાખાઓ (નાણા શાખાઓ સહીત)

  સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગની વેબ સાઇટ ઉપર મૂકવા સારૂ.

  પસંદગી ફાઇલ, - પી. શાખા

  ● પત્ર દ્વારા.

c:my work-sevak-so.p